ક્રમાંક: કવટ/આઇએસસી-૩/ભરતી/૨૦૧૯/૨૯૯૨-૨૮-૭૬

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં.૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૨૪.૦૧.૨૦૧૯

વંચાણે લીધા :

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૧૦૫/૩૯૩/ખ (પા.ફા.) તા.૦૪.૦૫.૨૦૧૬
૨. કચેરીના એન.ઓ.સી. ઇસ્યુ કરેલ પત્રો તા.૧૨.૧૦.૨૦૧૭ અને તા.૧૩.૧૦.૨૦૧૭
૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૬/CHE-૩૮૧/ખ, તા.૧૨.૧૦.૨૦૧૭
૪. શિક્ષણ વિભાગના પત્રાંક: પરચ/૧૧૦૫/૩૯૩/ખ (પા.ફા.) તા.૧૨.૦૪.૨૦૧૮
૫. શિક્ષણ વિભાગના પત્રાંક: પરચ/૧૧૦૫/૩૯૩/ખ (પા.ફા.) તા.૧૨.૧૦.૨૦૧૮
૬. કચેરીના પત્ર ક્રમાંક : કવટ/ISC3/૨૦૧૮-૧૯/૩૨૫૯૦, તા.૧૩.૧૨.૨૦૧૮
૭. શિક્ષણ વિભાગના પત્રાંક: પરચ/૧૧૦૫/૩૯૩/ખ (પા.ફા.) તા.૨૧.૦૧.૨૦૧૯

## સુધારા યાદી :

રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં વર્ગ-૩ ના વહીવટી કર્મચારીઓની ભરતી બાબતે સંદર્ભ-(૧) ના ઠરાવ અનુસાર મળેલ મંજુરી આધારે કચેરીના સંદર્ભ-(૨) ના તા.૧૨.૧૦.૨૦૧૭ અને તા.૧૩.૧૦.૨૦૧૭ના અલગ-અલગ પત્રોથી સંબંધિત સંસ્થાઓને વર્ગ-૩ના જુનિયર કલાર્ક તથા લેબોરેટરી આસીસ્ટન્ટ ની ભરતી કરવા માટે એન.ઓ.સી. ઇસ્યુ કરવામાં આવેલ હતાં.

કચેરીના સંદર્ભ-(૨) ના પત્ર અન્વયે આપવામાં આવેલ એન.ઓ.સી.માં શરત નં.૫ માં જણાવ્યા અનુસાર એન.ઓ.સી હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી રાજય સરકાર/સંલગ્ન યુનિવર્સિટી દ્વારા જે તે સંવર્ગના નક્કી કરેલ ભરતી નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવાની સૂચના આપવામાં આવેલ હતી. તેમજ, કચેરી તરફથી એન.ઓ.સી. ઇસ્યુ થયા બાદ શિક્ષણ વિભાગના સંદર્ભ-(૪)ના તા.૧૨.૦૪.૨૦૧૮ના પત્રથી ઉમેદવારોની ભરતી બાબતે લાયકાતના ધોરણો રાજયસરકાર/ સંબંધિત યુનિવર્સિટીના સ્ટેચ્યુટ/ઓર્ડિનન્સની જોગવાઇ અનુસાર કરવાની સૂચના આપવામાં આવેલ હતી.

જે અંતર્ગત સંસ્થાઓ તરફથી જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી અરજીઓ મેળવી કચેરી મારફતે ઇન્ટરવ્યુની તારીખ મેળવી પસંદગી સમિતિ મારફતે ઉમેદવારોની પસંદગી કરી પુર્વમંજુરી આપવા સબબ દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

આ દરખાસ્તો જોતાં અલગ-અલગ યુનિવર્સિટીઓમાં સમાન કક્ષાની ભરતી માટે લાયકાતના ધોરણો, વય મર્યાદા તેમજ ભરતી પ્રક્રિયા અલગ-અલગ હોવાની બાબત ધ્યાને આવેલ હતી. જેથી શિક્ષણ વિભાગના તા.૧૨.૧૦.૨૦૧૮ ના પત્રથી રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં વર્ગ-૩ ના વહીવટી કર્મચારીઓની સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે લાયકાતના ધોરણો, ઉંમર, લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું વિગેરે બાબતે સામાન્ય વહીવટ વિભાગ/નાણાં વિભાગ અને

ગૌણ સેવા પસંદગી મંડળ ના પ્રસ્થાપિત નિયમો મુજબ કોલેજ કક્ષાએ લેખિત પરીક્ષાનું આયોજન કરી ભરતી પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપવામાં આવેલ છે.

જેથી સરકારશ્રીના સંદર્ભ-(૫) અને (૬) ના પત્રોથી આપવામાં આવેલ સૂચના અનુસાર, કચેરીના તા.૧૨.૧૦.૨૦૧૭ અને તા.૧૩.૧૦.૨૦૧૭ ના અલગ-અલગ પત્રોથી જુનિયર કલાર્ક અને લેબોરેટરી આસીસ્ટન્ટ સંવર્ગની ભરતી માટે જે સંસ્થાઓને એન.ઓ.સી. આપવામાં આવેલ છે પરંતુ ઇન્ટરવ્યુ કાર્યવાહી હાથ ધરેલ નથી તેવી સંસ્થાઓની એન.ઓ.સી. ની મુદત વધુ એક વર્ષ માટે અર્થાત તા.૧૧.૧૦.૨૦૧૯ સુધી વધારવામાં આવે છે તેમજ તેમાં નીચે મુજબનો શરતમાં સુધારો આથી બહાર પાડવામાં આવે છે.

| શરત નંબર | બાબત | સુધારો |
|---|---|---|
| ૫ | સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી રાજય સરકાર/સંલગ્ન યુનિવર્સિટી દ્વારા જે તે સંવર્ગના નક્કી કરેલ ભરતી નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવાની રહેશે. | સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ સીધી ભરતીથી ભરવાની થતી જગાઓ માટે લાયકાતના ધોરણો, ઉંમર, લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું વિગેરે બાબતે સામાન્ય વહીવટ વિભાગ/નાણાં વિભાગ અને ગૌણ સેવા પસંદગી મંડળ ના પ્રસ્થાપિત નિયમો મુજબ કોલેજ કક્ષાએ લેખિત પરીક્ષાનું આયોજન કરી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે |
| ૮ | પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તા.૦૩.૦૧.૧૯૯૨ ના પરિપત્રમાં જણાવ્યા મુજબના પ્રતિનિધિને અવશ્ય બોલાવવાના રહેશે. | પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તા.૦૩.૦૧.૧૯૯૨ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ આપના જિલ્લા/નજીકના જિલ્લામાં આવેલ સરકારી કોલેજના આચાર્ય/સિનિયર અધ્યાપક/કોલેજ રજીસ્ટ્રારને સરકારી પ્રતિનિધિ તરીકે અવશ્ય બોલાવવાના રહેશે. |

ઉપરોકત સુધારા સિવાયની એન.ઓ.સી.ની તમામ શરતો યથાવત રહેશે. વધુમાં જે સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ જાહેરાતમાં ઉકત શરત પરિપૂર્ણ થતી ન હોય તેમણે નવેસરથી જાહેરાત આપીને ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

નોંધ પર માન. આયુકતશ્રીના આદેશાનુસાર

સંયુકત શિક્ષણ નિયામક
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ

- પ્રમુખ/મંત્રીશ્રી, સંચાલક મંડળ (સંબંધિત)
- આચાર્યશ્રી, સંબંધિત-સામેલ યાદી મુજબ